| એમ.એન.ગડકરી<br>ચેરપર્સન<br>જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ<br>મહીસાગર મુ. લુણાવાડા | ન્યાય સબ કે લિએ<br>ACCESS TO JUSTICE FOR ALL | જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ<br>ડીસ્ટ્રીક્ટ કોર્ટ,<br>વરધરી રોડ,<br>મહીસાગર, લુણાવાડા.<br>ઈ-મેઈલ- dlsa-mahisagar@gujarat.gov.in<br>ફોન- ૦૨૬૭૪-૨૫૧૧૯૯ |
|---|---|---|
| ડીએલએસએ જા.નં./૪૨૬ /૨૦૨૬ | | તા. ૨૦/૦૬/૨૦૨૬ |


વંચાણે લીધુ. National Legal Services Authority (Free and Competent Legal Services) Regulation , 2010. (As amended vide notification F.No. L/61/10/NALSA dated. 28.08.2019 and Addendum dated 18.09.2019 publised in the Gazette of India on 06.09.2019 and 19.09.2019 respectively)

## લીગલ એઈડ પેનલ લોયર્સની નિયુક્તી માટેની જાહેરાત

## (ફોર્મ ભરવાની શરૂઆતની તારીખ – ૨૨/૦૬/૨૦૨૬ અને છેલ્લી તારીખ ૨૯/૦૬/૨૦૨૬)

ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળ, અમદાવાદના નિર્દેશાનુસાર જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, મહીસાગર ધ્વારા મફત અને સક્ષમ કાનૂની સહાય પુરી પાડી શકાય અને કાનુની જાગૃતી કાર્યક્રમો ધ્વારા જનકલ્યાણનાં કાર્યો કરી શકાય તે હેતુથી અત્રેના જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળમાં તથા તાલુકા કાનૂની સેવા સમિતિ, લુણાવાડા, બાલાસિનોર, સંતરામપુર, કડાણા, બાકોર, વિરપુર માટે વકીલશ્રીઓની નવી પેનલ રચવાની હોવાથી, લાયકાત ધરાવતા ઉમેદવારો તરફથી આ સાથે નિયત કરેલ નમૂનામાં અરજીઓ મંગાવવામાં આવે છે.

### અરજી મોકલતાં પહેલાં નીચે જણાવેલ સુચનાઓ કાળજીપુર્વક વાંચવી.

(૧) પ્રત્યેક અરજદારે પોતે જે અદાલતોમાં લીગલ એઈડ એડવોકેટ તરીકે સેવા આપવા માંગતા હોય તે અદાલતોને સંલગ્ન કાનૂની સેવા સત્તા મંડળ કે તાલુકા કાનૂની સેવા સમીતીમાં જ અરજી કરવાની રહેશે.

(૨) અરજી નિયત કરેલ નમૂના મુજબ સંપૂર્ણ રીતે ભરેલી હોવી જોઈશે અને સાથે અનુક્રમ નં. ૧૪ માં જણાવેલ દસ્તાવેજો બીડવાના રહેશે.

(૩) અરજદારે પોતાની અરજી ઉપર કલર ફોટોગ્રાફ પોતાની સહી સાથેનો જોડવાનો રહેશે.

(૪) અરજદારે એક જ અરજી કરવાની રહેશે. વકીલની પેનલ જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ તેમજ તમામ તાલુકા કાનૂની સેવા સમિતિ માટે અલાયદી બનાવવાની થતી હોય છે. જેથી ઉમેદવારે એક જ કોર્ટ એસ્ટાબ્લીશમેન્ટ ની પસંદગી કરવાની રહેશે અને તેઓએ તાલુકાની કોર્ટ અથવા જીલ્લા અદાલતનો ઉલ્લેખ કરવાનો રહેશે.

(૫) માત્ર તેવા જ ઉમેદવારો કે જેઓની લાયકાત સંતોષાય છે, તેઓ જ પેનલ માટે અરજી કરી શકશે.

(૬) દરેક ઉમેદવારે પોતાનો વ્હોટ્સએપ મોબાઈલ નંબર તથા ઈ–મેઈલ આઈ.ડી યોગ્ય રીતે અરજીમાં જણાવવાના રહેશે.

(૭) દરેક ઉમેદવારે અરજીના ફોર્મમાં જરુરી તમામ વિગતો સંપૂર્ણ રીતે પુરી પાડવી અને અધુરી વિગતવાળી અરજી રદ થવાપાત્ર થશે.

(૮) અરજી સ્વીકારવાની **અંતિમ તારીખ ૨૯.૦૬.૨૦૨૬** રહેશે.

(૯) જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ માટે નીચે મુજબની અલગ અલગ પેનલ તૈયાર કરવાની થાય છે. લાયકાત તથા અનુભવ ધરાવતા ઉમેદવાર પોતાની નોંધણી તે મુજબની પેનલ ઉપર થાય તે માટે અરજી કરી શકશે.

**<u>જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ માટે :–</u>**

૧. ક્રિમીનલ કેસો માટેની પેનલ

૨. સિવિલ કેસો માટેની પેનલ

૩. લગ્ન વિષયક તકરાર અંગેના કેસો માટેની પેનલ

૪. એમ.એ.સી.પી. માટેની પેનલ

૫. જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ સમક્ષના કેસો માટેની પેનલ

૬. રેવન્યુ કેસો માટેની પેનલ

(૯.૧) તાલુકા કાનુની સેવા સમિતિઓ માટે સીવીલ તથા ક્રિમીનલ કેસો માટેની પેનલ તૈયાર કરવાની થાય છે. લાયકાત તથા અનુભવ ધરાવતા ઉમેદવાર પોતાની નોંધણી તે મુજબની પેનલ ઉપર થાય તે માટે અરજી કરી શકશે.

**<u>તાલુકા કાનુની સેવા સમિતિ માટે :–</u>**

૧. ક્રિમીનલ કેસોની પેનલ

૨. સીવીલ કેસોની પેનલ

(૯.૨) <u>વકીલશ્રીની કયા વિષયની પેનલમાં નિમણુંક કરવી હિતાવહ છે તેનો આખરી નિર્ણય જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, મહીસાગર પાસે અબાધિત રહેશે.</u>

જે અરજદારોએ ફોર્મ સ્વીકારવાની આખર તારીખ સુધી જે તે પેનલમા જણાવેલ કેસો ચલાવવાનો લધુત્તમ ત્રણ વર્ષનો અનુભવ ધરાવતાં હોય, તેઓ જ, જે તે પેનલ માટે ઉમેદવારી નોંધાવી શકશે. જો એક કરતાં વધુ પેનલ માટે ઉમેદવારી નોંધાવવા માંગતા હોય, તો કરેલ અરજીમાં તેની વિગત દર્શાવવાની રહેશે.

**(૧૦) <u>પસંદગીની પ્રક્રિયા :–</u>**

(૧) નાલસા (ફ્રી એન્ડ કોમ્પીટન્ટ લીગલ સર્વિસીસ રેગ્યુલેશન ) ૨૦૧૦મા જણાવેલ પ્રક્રિયાને અનુસરી પસંદગી પ્રક્રિયા કરવામાં આવશે.

(૨) લાયકાતના પરિબળોને સંતોષવા માત્રથી કોઈપણ ઉમેદવારને પસંદગી માટે કોઈ હકક પ્રાપ્ત થશે નહિ.

(૩) આવેદનપત્રો મળ્યાની સંખ્યા ઉપર અને અત્રેની સત્તામંડળની જરુરિયાતને લક્ષમાં રાખીને આ સત્તામંડળ ઉમેદવારોની પસંદગી સૂચિ (shortlist) કરવાનો હકક અબાધિત રાખે છે.

(૪) લીગલ એઈડ વકીલ તરીકે પેનલ ઉપર નોંધણી કરવા માટે નીચે મુજબના પાસા ધ્યાને લેવાશે:–

(ક) ઉમેદવારની લાયકાત / વ્યકિતત્વ
(ખ) કાયદાનું જ્ઞાન / કાયદાની અભિરુચિ
(ગ) કાનૂની સહાયના ક્ષેત્રમાં કામ કરવાની તિવ્રતા, પ્રતિબધ્ધતા અને વૃતિ.
(ઘ) જીલ્લા કોર્ટમાં તથા તાલુકા કોર્ટમાં ઉમેદવારની નિયમિતતા / ઉપલબ્ધતા.

(૫) પાત્રતા નોંધાવનાર તમામ વકીલશ્રીઓએ પોતાનાં વ્હોટસએપ નંબર ફોર્મમાં લખવાના રહેશે અને સદર પ્રક્રિયા બાબતની તમામ વિગતો તેઓને વ્હોટસએપ મેસેજ મારફતે પુરી પાડવામાં આવશે. જો કોઈ કારણસર પસંદગી માટે પર્સનલ ઈન્ટરવ્યુ રાખવામાં આવે તો તે માટેનું સ્થળ જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, મહીસાગર ધ્વારા નકકી કરવામાં આવશે અને તે મુજબ પર્સનલ ઈન્ટરવ્યુ માટે દરેક અરજદારે હાજર રહેવું ફરજીયાત રહેશે.

(૬) પસંદગી પામેલ લીગલ એઈડ વકીલશ્રીઓની પેનલ યાદી અત્રેની કચેરીના, જીલ્લા અદાલતના તથા તાલુકા કાનુની સેવા સમિતિઓના નોટીસ બોર્ડ ઉપર લગાડવામાં આવશે.

## (૧૧) <u>પેનલ ઉપર નોંધણી માટેની શરતો :–</u>

(૧) નિમણુંકની તારીખથી બીજો આદેશ ન થાય ત્યાં સુધીના સમયગાળા માટે જે તે વકીલશ્રીને સોંપવામાં આવેલ કામગીરી કરવાની રહેશે. નિમણુંક પામેલ દરેક પેનલ વકીલની કામગીરી અને કાર્યની સમીક્ષા કરવામાં આવશે.

(૨) દરેક પેનલ વકીલશ્રીને ગુજરાત સરકાર ધ્વારા તેમજ ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ ધ્વારા વખતો વખત નકકી કરવામાં આવતી તેમજ માન્ય કરેલ અનુસુચિ મુજબની ફી / માનદવેતન ચુકવવામાં આવશે.

(૩) આ સત્તા મંડળ ધ્વારા કે નામદાર ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ ધ્વારા આયોજન કરવામાં આવતા તાલીમ અંગેના કાર્યક્રમો તથા રીફ્રેશર કાર્યક્રમોમાં ભાગ લેવા જયારે જાણ કરવામાં આવે ત્યારે દરેક પેનલ વકીલે તેમાં સક્રિયરીતે ભાગ લેવાનો રહેશે. જો આ પ્રકારના તાલીમી કાર્યક્રમોમાં પેનલ વકીલ ગેરહાજર રહેશે તો તેઓનું નામ પેનલમાંથી રદ થવાને પાત્ર થશે.

(૪) આપવામાં આવતી કાનૂની સેવાઓ ઉપર અસરકારક દેખરેખ રાખી શકાય તે હેતુથી પેનલ ઉપર નોંધાયેલ વકીલશ્રીએ પોતાને સોપવામાં આવતા દરેક કેસનો પ્રગતિ અહેવાલ રજૂ કરવાનો રહેશે અને જો પ્રગતિ અહેવાલ રજૂ નહિં કરવામાં આવે તો તેવા વકીલનું નામ પેનલ ઉપરથી નાબુદ કરવામાં આવશે.

(૫) પેનલ ઉપરના વકીલ પાસેથી લીગલ સર્વિસ કલીનીકમાં, જેન્ડર રીસોર્સ સેન્ટરમાં, વન–સ્ટોપ સખી સેન્ટર,ઓબ્ઝર્વેશન હોમ, જેલ, વૃધ્ધાશ્રમ, કોલેજો, સેવા સેતુ કાર્યક્રમ, પ્રાંત કચેરી વિગેરેમાં સેવાઓ લેવાનો તેમજ અન્ય કોઈ કામગીરી કે જાગૃતિ કાર્યક્રમોમાં સેવાઓ લેવાનો પોતાનો હકક આ સત્તામંડળ અબાધિત રાખે છે.

(૬) રીમાન્ડ એડવોકેટ, ફ્રન્ટ ઓફીસના એડવોકેટ અને જેલની મુલાકાત લેતા એડવોકેટશ્રીની નિમણુંક સમયાંતરે ક્રમાનુસાર અથવા તો તેમની ઉપલબધતા જોઈ કરવામાં આવશે.

(૭) જો કોઈપણ સંજોગોવશ પેનલ ઉપરના વકીલશ્રીની – સોંપવામાં આવેલ કામગીરી માટે ઉપલબ્ધતા ન હોય/ મરજીયાત રીતે તે કામગીરી કરવા માંગતા ન હોય / તે કરવા વિષય નિષ્ણાંતતા અથવા સક્ષમતા ધરાવતા ન હોય કે પછી નિયમીત ન રહેતાં હોય તો, તેવા કોઈપણ સંજોગોમાં તેઓશ્રીના બદલે અન્ય યોગ્ય પેનલ એડવોકેટશ્રીને તે કામગીરીની ફાળવણી કરવાનો હકક કાનુની સેવા સંસ્થાઓ પાસે અબાધિત રહેશે.

(૮) પેનલ એડવોકેટશ્રી માટે અરજી કરતા સમયે વકીલશ્રીને પોતાની ઉપર કોઈ ફોજદારી / સીવીલ કેસ પેન્ડીંગ નથી અથવા તો કોઈ કેસમાં તકસીરવાન / કસુરવાર ઠરેલ નથી તેવું જાહેર કરવાનુ રહેશે.

**(૧૨) <u>પેનલ ઉપરથી દૂર કરવા અંગે :–</u>**

જો કોઈપણ વકીલની કામગીરી અસંતોષકારક હશે અથવા કાનુની સહાય જે લાભાર્થીને પુરી પાડવામાં આવેલ છે તે વ્યકિતની પાસેથી કોઈપણ પ્રકારની રકમ/ઈનામ/બક્ષીસ/ તરફેણની માંગણી કર્યાની અથવા મેળવ્યાના તહોમતમાં દોષિત ઠર્યેથી અથવા તે/તેણી સદર અધિનીયમની યોજના, નિયમો અને વિનિયમોના કોઈ પ્રબંધનો ભંગ કર્યેથી તે/ તેણીનું નામ પેનલ ઉપરથી નાબુદ કરવામાં આવશે. વધુમાં, તે/ તેણીની સામે વ્યવસાયિક ગેરવર્તણુંક અંગેના પગલા પણ લેવામાં આવશે.

**(૧૩)** ધી લીગલ સર્વીસ ઓથોરીટીઝ એકટ, ૧૯૮૭ ના હેતુ અને ઉદ્દેશને પાર પાડવા માટે આ સત્તા મંડળ લીગલ એઈડ વકીલની ફરજોના પરિઘને વધારવા માટેનો પોતાનો હકક અબાધિત રાખે છે.

**(૧૪)** પ્રત્યેક અરજદારે તેઓની અરજી સાથે નીચે મુજબના દસ્તાવેજ રજુ કરવાના રહેશે.

(૧) સનદની પ્રમાણીત નકલ
(૨) આધારકાર્ડ/ઓળખકાર્ડ ની પ્રમાણીત નકલ
(૩) બાર એસોસીએશન ધ્વારા આપેલ અનુભવનુ પ્રમાણપત્ર

**ફોર્મ જમા કરાવવાનું સ્થળ :– જીલ્લા કાનુની સેવા સત્તા મંડળની કચેરી, લુણાવાડા**
**(તાલુકા કાનુની સેવા સમિતિમાં પેનલ ઉપર જોડાવા માટે અરજી કરનાર ઉમેદવારે સબંધિત એટલે કે જે તાલુકા કાનુની સેવા સમિતિની પેનલ ઉપર જોડાવા અરજ કરેલ છે તે તાલુકા કાનુની સેવા સમિતિમાંફોર્મ જમા કરાવી શકશે.)**

સદર અરજી ફોર્મ તથા જાહેરાત કોર્ટના નોટીસ બોર્ડ ઉપરાંત ડીસ્ટ્રીકટ કોર્ટ મહીસાગરની વેબસાઈટ (https://mahisagar.dcourts.gov.in) પર ઉપલબ્ધ છે.

સ્થળ :– મહીસાગર
તારીખ :– ૨૦.૦૬.૨૦૨૬

અધ્યક્ષ
જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ,
મહીસાગર, મુ.લુણાવાડા

<u>બહોળી પ્રસિધ્ધી, જરુરી કાર્યવાહી તથા જાણકારી માટે નકલ સવિનય રવાના :–</u>

(૧) રજીસ્ટ્રારશ્રી, જીલ્લા ન્યાયાલય, મહીસાગર
(૨) અધ્યક્ષશ્રી, તાલુકા કાનૂની સેવા સમિતિ, લુણાવાડા, બાલાસિનોર, સંતરામપુર, કડાણા, બાકોર, વિરપુર
(૩) પ્રમુખશ્રી, ડીસ્ટ્રીકર્ટ બાર એસોસીએશન, મહીસાગર .

# પેનલ વકીલ માટેના આવેદન પત્રનો નમૂનો

## ફોર્મ ભરવાની શરુઆતની તારીખ ૨૨/૦૬/૨૬ અને છેલ્લી તારીખ ૨૯/૦૬/૨૦૨૬

અરજી નં.________________
( કચેરીના ઉપયોગ માટે)

ઉમેદવારનો તાજેતરનો
પાસપોર્ટ સાઈઝનો
કલર ફોટોગ્રાફ
સ્વ હસ્તાંક્ષર સાથે

**ફોર્મ ભરવાની**

**વિષય :– લીગલ એઈડ લોયરની પેનલમાં જોડાવા બાબત...**

**કયા હકુમતની પેનલમાં જોડાવા માંગો છો?**

**જીલ્લા કાનુની  સેવા સત્તા મંડળ, મહીસાગર**
{જીલ્લા અને સેશન્સ કોર્ટ, (એપેલેટ/ટ્રીબ્યુનલ/ફેમીલી કોર્ટ/સ્પે.કોર્ટ) માટે} ☐

**કયા પ્રકારના કેસોની પેનલમાં રહેવા માંગો છો ?**

૧. ક્રિમીનલ કેસો માટેની પેનલ ☐
૨. સિવિલ કેસો માટેની પેનલ ☐
૩. લગ્ન વિષયક તકરાર અંગેના કેસો માટેની પેનલ ☐
૪. એમ.એ.સી.પી. માટેની પેનલ ☐
૫. જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ સમક્ષના કેસો માટેની પેનલ ☐
૬. રેવન્યુ કેસો માટેની પેનલ ☐

**તાલુકા કાનુની સેવા સમિતિની પેનલ ઉપર જોડાવા માંગતા હોય તો તાલુકા કાનુની સેવા સમિતિનુ નામ–**

..........................................................................................

૧. સિવિલ કેસોની પેનલ – ☐ ૨. ક્રિમીનલ કેસોની પેનલ – ☐

| | | |
|---|---|---|
| ૧ | અરજદારનું પુરુ નામ | |
| ૨ | પિતા/પતિનું નામ | |
| ૩ | જન્મ તારીખ (અંક અને શબ્દોમાં) | |
| ૪ | વય (તા. ૨૦.૦૬.૨૦૨૬ ના રોજ) | |
| ૫ | સ્ત્રી / પુરૂષ/ અન્ય | |
| ૬. | રહેઠાણનું સરનામુ | |
| ૭ | ઓફીસ નું સરનામું (જો હોય તો) | |
| ૮ | મોબાઈલ નંબર (વ્હોટસપ નંબર સાથે) :–<br>(ઓફીસ)<br>(રહેઠાણ)<br>(ઈ–મેઈલ આઈ.ડી.) | |

| | | |
|---|---|---|
| ૯ | શૈક્ષણિક લાયકાત | |
| ૧૦ | વકીલ તરીકે એનરોલમેન્ટ થયાની તારીખ (સનદ મુજબ) | |
| ૧૧ | એનરોલમેન્ટ નંબર (સર્ટીફીકેટની નકલ જોડવી) (સનદ મુજબ) | |
| ૧૨ | પ્રેકટીસનો અનુભવ (જે ક્ષેત્રમા પ્રેકટીસ કરેલ હોય તે પ્રેકટીસની અવધી) | |
| ૧૩ | અ) કોઈ ચોકકસ પ્રકારના કેસો ચલાવ્યા હોય તો તેની વિગત (જરૂરીયાત હોય તો અલગથી કાગળ જોડવા) | |
| | શું અગાઉ જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ અથવા તાલુકા કાનૂની સેવા સત્તામંડળ અથવા અન્ય કોઈ સંસ્થા/ સરકારી વિભાગની પેનલ ઉપર નોંધાયેલા રહેલા છો ? જો હા તો વિગતો દર્શાવો. | |
| ૧૪ | શું કોઈ શિસ્તભંગનો કેસ કે ફરીયાદ અરજદાર વિરુધ્ધ બાર કાઉન્સીલમાં કે જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળમાં કરવામાં આવેલી છે ? જો હા, તો તેની વિગત દર્શાવો. | |
| ૧૫ | તમો પર કોઈ ફોજદારી કાર્યવાહી ભુતકાળમાં થયેલ હોય કે પેન્ડીંગ હોય તો તેની વિગત જાહેર કરવી. | |

સ્થળ :–

તારીખ :– (અરજદારની સહી)

**–:: એકરાર :–**

આથી હું જાહેર કરું છું કે આ અરજીમાં જણાવેલ તમામ કથનો મારા જ્ઞાન અને માન્યતા મુજબ સત્ય, સંપૂર્ણ અને ખરા છે. જો કોઈપણ તબકકે કોઈપણ માહિતી ખોટી અથવા અસત્ય જણાશે તો મારી ઉમેદવારી રદ થવા પાત્ર થશે. અમોએ પેનલની નોંધણી અંગેની તમામ સૂચનાઓ અને શરતો વાંચી અને સમજી છે અને તેનું પાલન કરવા અમો બંધાઈએ છીએ. હું જાહેર કરું છું કે અમોએ જે કેટેગરી માટે પેનલની નોંધણી થવા માટે અરજી કરેલ છે તે કેટેગરીની લાયકાત અંગેની તમામ શરતો સંતોષીએ છીએ. અમોએ હાલની અરજી સિવાય અન્ય કોઈ અરજી પેનલ ઉપર નોંધાવવા માટે આપેલી નથી તથા અમો જાહેર કરીએ છીએ કે અમો કોઈ ફોજદારી કેસમાં તકસીરવાન / કસુરવાર ઠરેલ નથી, અમો નાદાર નથી તથા હાલ અમો ઉપર કોઈ ફોજદારી કે દિવાની કેસ પડતર નથી

સ્થળ :–

તારીખ :– (અરજદારની સહી)

**બિડાણ :–**